# પ્રહ્લાદ[ નિષ્કામ ભક્તિ ] - હોલિકા[ સકામ ભક્તિ ]

હોલિકોત્સવ એટલે કે હોળી **ફાગણ સુદ પૂનમ**ને દિવસે ઉજવવામાં આવે છે. આ ઉત્સવ બે દિવસનો હોય છે. એક દિવસ હોળી અને તેના પછીનો દિવસ ધુળેટી. આપણી ભારતીય સંસ્કૃતિમાં વૈવિધ્યપૂર્ણ ઉત્સવોની હારમાળા છે. હોળીનો ઉત્સવ રંગોના ઉત્સવ તરીકે પણ જાણીતો છે. આ ઉત્સવ સમાજના નાના-મોટા તમામ ઉંમરના અને વર્ગના લોકો હળીમળીને ઉજવે છે.

હોળીનો ઉત્સવ ઉજવવા પાછળ પણ પ્રસિદ્ધ પૌરાણિક કથા રહેલી છે. **હિરણ્યકશિપુ** નામનો **અસુર** તેના નામ જેવા જ ગુણો ધરાવતો હતો. તે **હિરણ્ય એટલે કે સોનું** અર્થાત્ ભોગવિલાસમાં જ રાચતો હતો. તેની **રાક્ષસીવૃત્તિઓને** કારણે તમામ લોકો તેનાથી ત્રસ્ત હતા. આ દૈત્યરાજે એક કાળ ચોઘડીએ **વસંતોત્સવ** માટે **મનાઇહુકમ** કર્યો હતો. તે ભક્તિનો કટ્ટર વિરોધી હતો અને ભગવાનનું નામ લેનારને સખત દંડ ફટકારતો હતો. તે પોતાની જાતને ભગવાન માનતો હતો અને અન્ય પાસે પણ બળજબરીથી મનાવડાવતો હતો. તે તેની પ્રજા પર ત્રાસ ગુજારતો હતો. લોકો ભગવાનનું નામ લેતા પણ ડરતાં હતાં. જેમ **દુર્ગંધયુક્ત કાદવમાં કમળ ખીલે** તેમ **હિરણ્યકશિપુને ત્યાં પુત્ર પ્રહ્લાદનો જન્મ** થયો. પુત્ર પ્રહ્લાદ બોલતા શીખ્યો ત્યારથી ભગવાન વિષ્ણુના નામનું રટણ કરવા લાગ્યો. વ્યવહારમાં ક્રૂર એવા હિરણ્યકશિપુએ પ્રેમ દર્શાવી પ્રહ્લાદને કહ્યું : 'બેટા ! તું પ્રભુ-નામસ્મરણ, પૂજા-પાઠ વગેરે ત્યજી દે, મને એ જરા પણ પસંદ નથી. મેં સમગ્ર રાજ્યમાં પ્રભુનું નામ લેવા પર પ્રતિબંધ મૂક્યો છે.'

પ્રહ્લાદે પ્રત્યુત્તર આપતા કહ્યું : '**પિતાજી ! આ માનવદેહ તો ક્ષણભંગુર છે. મૃત્યુ નિશ્ચિત છે, તેથી નામ - સ્મરણ કે પૂજા - પાઠ કરવા બદલ મને મૃત્યુ મળશે તો પણ સહર્ષ સ્વીકારી લઇશ, પણ પ્રભુનું નામ તો નહીં જ મૂકું**.' હિરણ્યકશિપુમાંનો પિતા પરાજય પામ્યો. લાખ પ્રયત્નો કરવા છતાં તેણે ભગવાનનું નામ રટવાનું ન છોડયું. તે ભગવાનનું નામ ન લે તે માટે કરેલા બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. પ્રહ્લાદે ભગવાન વિષ્ણુની ભક્તિ છોડી નહીં. દૈત્યરાજ ક્રૂર સ્વરૂપે બહાર આવ્યો કારણ કે પિતાની કાકલૂદીભરી વાણી પુત્રે કાને ન ધરી. આથી તેને મારવા માટે હિરણ્યકશિપુએ ઘણાં પ્રયત્ન કર્યા.

તેણે પ્રહ્લાદને ઊંચા કિલ્લા પરથી નીચે ફેંકી દેવા હુકમ કર્યો, પરંતુ પ્રભુએ પ્રહ્લાદને ફૂલની જેમ ઊંચકી લીધો. ખોરાકમાં ઝેર ભેળવીને મોતને ઘાટ ઉતારવા કોશિશ કરી, પણ એ ઝેર અમૃતમાં ફેરવાઇ ગયું. હાથીના પગ તળે કચડી નાખવા પ્રબંધ કર્યો, પણ વિશાળકાય હાથીએ તેને સૂંઢથી ઉપાડી પોતાની ગરદન પર બેસાડી દીધો. બધા જ પ્રયત્નો નિષ્ફળ નિવડતા હિરણ્યકશિપુ વ્યગ્રતા અને હતાશાની ઊંડી ખાઇમાં ધકેલાઇ ગયો ત્યારે, પ્રહ્લાદની ફોઇ હોલિકાએ તેને મારવા માટેનું બીડું ઝડપ્યું. તેને **શિવજીનું એવું વરદાન હતું કે તેને સાક્ષાત અગ્નિ પણ બાળી શકશે નહીં**. વિષ્ણુભક્ત પ્રહ્લાદનો નાશ કરવા માટે તેને પોતાના ખોળામાં લઇને છાણા-લાકડાં ગોઠવીને બનાવેલ હોળી પર બેસી ગઇ અને આ હોળીને આગ લગાવવા માટે કહ્યું. હોલિકાનું દહન થયું અને વિષ્ણુભક્ત પ્રહ્લાદ હેમખેમ રહ્યો. અહીં એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ભગવાન શંકરે હોલિકાને વરદાન આપ્યું હતું કે તે રોગથી ન મરે, શસ્ત્રથી ન મરે, દિવસે કે રાત્રે ન મરે તો પછી આ આપેલું વરદાન શા માટે એળે ગયું ?

આનો ઉત્તર એ છે કે **હોલિકાની ભક્તિ નિષ્કામ ભક્તિ નહીં, પણ સકામ ભક્તિ હતી. સકામ ભક્તિ એટલે કોઇ મનોકામનાની પરિતૃપ્તિના આશય સાથે કરવામાં આવેલી ભક્તિ**. આથી હોલિકાનં઼ માગીને મેળવેલ ઇચ્છિત વરદાન એળે ગયું. **દિવસે કે રાત્રે નહિ, પરંતુ સંધ્યાકાળે પ્રગટાવેલી જ્વાળા હોલિકાને ભરખી ગઇ**. ભગવાન શંકરે અનિચ્છાએ આપેલું સકામ ભક્તિનું ફળ આપમેળે વિનાશને વરી ગયું. વિષ્ણુભક્ત પ્રહ્લાદનો નાશ ઇચ્છતી

હોલિકા એક ઇશ્વરવિરોધી તત્ત્વ હોવા છતાં પણ આપણે શા માટે તેનું પૂજન કરીએ છીએ ? આ પ્રશ્નનો ઉત્તર સાવ સરળ છે. જે દિવસે હોલિકા પ્રહ્લાદને બાળવાની હતી તે દિવસે લોકોએ પોતાના ઘરે અગ્નિ પ્રગટાવીને પ્રાર્થના કરી હતી કે તે પ્રહ્લાદને ન બાળે કારણ કે પ્રહ્લાદ તેનો ઉદ્ધારક હતો. અગ્નિદેવે લોકોની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને પ્રહ્લાદને બદલે હોલિકાનો નાશ કર્યો.

આખરે અનિષ્ટ પર નિષ્ટનો વિજય થયો તેથી સમાજમાં સૌ સ્મૃતિરૂપે સંધ્યા સમયે હોળી પ્રગટાવે છે. આપણે જ્યારે હોળીની પ્રદક્ષિણા કરીએ છીએ તે ખરેખર તો **અગ્નિદેવનું પૂજન** છે આપણે હોળીનું પૂજન કરતા સમયે પ્રાર્થના કરીએ છે કે હે અગ્નિદેવ અમારામાં રહેલ **અહં, મોહ, ખોટો ભોગવિલાસ, વિકૃતિ, સ્વાર્થવૃતિ વગેરે આસુરી તત્ત્વોને બાળી નાખો અને સદવૃત્તિને બચાવો** જેથી અમો પ્રભુ ભક્તિમય બનીને જીવનમાં વૈવિધ્યરંગી રંગોને માણી શકીએ. અગ્નિની હોળીમાં ભક્ત પ્રહ્લાદ બચી જવાથી અને હોલિકાનો નાશ થવાથી હર્ષઘેલા લોકો રંગોથી એકબીજાને રંગીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. **હુતાશનીનું વ્રત** કરનાર હોળીનું પૂજન કરે છે. ખજૂર, ધાણી અને દાળિયાનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરે છે, નાળિયેર વધેરવામાં આવે છે. હોળી પ્રગટાવવાથી વાતાવરણ વિશુદ્ધ થાય છે. કેસૂડાનાં ફૂલો ઘોળીને તૈયાર કરવામાં આવેલ રંગ કે અબીલ - ગુલાલની છોળો માનવજીવનમાં સંતૃપ્તિ, સંતોષ અને આનંદની લહેરો ભરી શકે છે. યુવાન હૈયાઓ, સગાં - સંબંધીઓ અન્યોન્ય સંબંધોમાં રંગનાં મેઘધનુષ્યો પૂરે છે. આ રંગોત્સવનું પણ અનેરું અને અનોખું સામાજિક મહત્ત્વ છે. આ દિવસે દિયર-ભોજાઇ વચ્ચેના રંગોત્સવને વિશેષ મહત્ત્વ અપાયું છે, જેથી કરીને સાહજીક નૈતિક સ્ખલનને પણ ક્યારેય અવકાશ ન રહે અને પરિતૃપ્તિ કેવળ પવિત્ર જ બની રહે એ આપણે જોવાનું છે. આ રંગોત્સવ કે હોલિકોત્સવ કલુષિત ન બને એ જોવાનું છે, અનિષ્ટનું દહન કરીને **સમાજે નિષ્ટનું જતન કરવાનું છે..**